# સાબરકાંઠા જિલ્લાની કિંમતી ખનીજ સંપત્તિ લીલામ થઈ રહી છે

## હિંમતનગરના સવગઢમાં બિનઅધિકૃત રીતે પથ્થરોનું ખનન થાય છે : કિંમતી રેતીનો બેનંબરી વેપલો થઈ રહ્યો છે

હિંમતનગર, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લો એટલે કુદરતી ખનીજ સંપત્તિનો ભંડાળ બ્લેકટ્રેપ, સેન્ડસ્ટોન, સીલીકા બેન્ટોનાઈટ, ફાયક્લે, મેટલ અને રેતી જેવા કિંમતી ખનીજનું ખાણખનીજ વિભાગના અધિકારીઓની રહેમનજર હેઠળ લીલામ થઈ રહ્યું છે. હિંમતનગરને અડીને આવેલા સવગઢ ગામના સિમાડામાં બે રોકટોક પથ્થર (સેન્ડસ્ટોન)ની ખાણો બિન અધિકૃત રીતે ચાલી રહી છે. હાથમતી અને સાબરમતી નદીમાં રેતીનું પણ ગેરકાયદેસર ખનન થઈ રહ્યું છે. ત્યારે જિલ્લા કિંમતી ખનીજ સંપત્તિને બચાવવા માટે અસરકારક પગલાં લેવાની માંગ ઉઠી છે.

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરને અડીને આવેલા સવગઢ ગામના સિમાડામાં સેન્ડસ્ટોન નામના ખનિજના ભંડાળ ભરેલા છે. ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ અને ખનન માફીયાઓની સાંઠગાંઠી બિન અધિકૃત રીતે સેન્ડસ્ટોન (પથ્થર)નું ખુલ્લેઆમ ખોદકામ થઈ રહ્યું છે. કેટલાક ઈસમો દ્વારા સરકારી જમીનોમાં બિન અધિકૃત રીતે ખોદકામ કરવામાં આવી રહ્યું છે. સાબરમતી નદીના પટમાંથી રેતીનું મોટાપાયે બિનઅધિકૃત રીતે ખનન થઈ રહ્યું છે ત્યારે જિલ્લાના કિંમતી ખનીજને બચાવવા માટે લોકોની માંગ ઉઠી છે. ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ અને ખનીજ માફિયાઓ ખનીજ સંપત્તિને લુંટાવી રહ્યા છે ત્યારે તેમની ઉપર અંકુશ આવે તે જરૂરી છે.

# ફાઈનાન્સરની હત્યાને મુસ્લીમ સમાજે સખત શબ્દોમાં વખોડી

હિંમતનગર, તા. ૩૧

ઈડર તાલુકાના વાડોલ ગામના વતની અને ફાઈનાન્સનો વ્યવસાય કરતાં યુવાન ફાઈનાન્સર ધર્મેન્દ્રભાઈ પટેલની ગઢા ગામના મુસ્લીમ યુવાન સાજીદ ભટ્ટે હત્યા કરતાં સમગ્ર જિલ્લામાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડવા પામ્યા છે. મુસ્લીમ સમાજે પણ ફાઈનાન્સરની હત્યાને દુઃખદ ગણાવી વખોડી કાઢી છે.

ફાઈનાન્સરના હત્યારા સાજીદ ભટ્ટના ગામ ગઢામાં મોમીન સમાજના આગેવાનોની બેઠક મળી હતી. જેમાં ફાઈનાન્સર યુવાન ધર્મેન્દ્રભાઈ પટેલની હત્યા થતાં દુખદની લાગણી વ્યક્ત કરી હત્યાને વખોડી હત્યારા સાજીદ ભટ્ટને આકરી સજા થાય તેવી માંગ કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. મોમીન સમાજના અગ્રણી વી.એન. ડોડીયા, યુ.એ. ભટ્ટ, એચ.આઈ. કોવડીયા, એલ.એ. ડોડીયા, આઈ.એન. અચેડીયા, હસનભાઈ ધાંગા, મુસ્તાકભાઈ કોવડીયા, સાદીકભાઈ ભટ્ટ સહિત અગ્રણીઓએ હત્યાને દુખદ ગણાવી વખોડી કાઢી હતી.

# પ્રાંતિજના રેલવે સ્ટેશનથી ભાખરીયા વિસ્તાર સુધીના માર્ગ પર ટ્રાફિક પોઈન્ટ મુકવા રજુઆત

પ્રાંતિજ, તા. ૩૧

પ્રાંતિજ નગરમાં આવેલ રેલવે સ્ટેશનથી ભાખરીયા અને પોલીસચોકી સુધીના માર્ગ પર દિનપ્રતિદિન ટ્રાફિકની સમસ્યા ભારે વિકટ બની છે. આથી રાહદારીઓ અને વિદ્યાર્થીઓ સહિત શહેરીજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જેને લઈ આ માર્ગ પર ટ્રાફિક પોઈન્ટ મુકવા તંત્રને રજૂઆતો કરવામાં આવી છે.

પ્રાંતિજ નગરમાં આવેલ ભાખરીયા, પોલીસ ચોકી અને રેલવે ફાટક સુધીના જાહેરમાર્ગ પર શહેરની મુખ્ય અને મોટી કુલ છ શાળાઓ આવેલી છે. જ્યાં દરરોજ ૮ થી ૧૦ હજાર બાળકો શાળા-કોલેજે અવરજવર કરે છે. આજ માર્ગ તાલુકાની મહત્વની કચેરીઓ પણ આવેલ છે. આથી રોજ અસંખ્ય લોકોની અવરજવરમાં ત્યારે ભારે વાહનો, સટલીયા જીપ ચાલકો તેમજ માર્ગ પર ઝુંડમાં બેસતા પશુઓ અને લારીગલ્લાવાળાઓના લીધે દરરરોજ ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયો છે. પરિણામે નાગરિકો અને વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ટ્રાફીકજામની સમસ્યાને લઈ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નિત્યાનંદ બ્રહ્મભટ્ટે સાબરકાંઠા જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆતો કરી ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા ટ્રાફિક પોઈન્ટ મુકવા માંગણી કરવામાં આવી છે.

# ખેડબ્રહ્મા પાલિકાનો વિકાસના કામો માટે રૂ. ૨.૬૫ લાખની સહાય

ખેડબ્રહ્મા, તા. ૩૧

ગુજરાત રાજ્યની નગરપાલિકાઓના સર્વાંગી વિકાસના કામો માટે ચેક વિતરણનો કાર્યક્રમ તાજેતરમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી તથા આનંદીબહેન પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. રાજ્યની ક વર્ગની નગરપાલિકાઓને ૮૮ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જેમાં ખેડબ્રહ્મા પાલિકા સર્વાંગી વિકાસના કામો માટે રૂ. ૨.૬૫ લાખ ચેક મુખ્યમંત્રી દ્વારા આપવામાં આવ્યો હતો આ ચેક મુખ્યમંત્રી દ્વારા આપવામાં આવ્યો હતો. આ ચેક પાલિકાના પ્રમુખ વિનોદભાઈ પટેલ, હિતેશભાઈ દિક્ષિત તથા અરવિંદભાઈ ઠક્કરને એનાયત થયો હતો. જે સંદર્ભે પાલિકાની સામાન્ય સભા સોમવારના રોજ મળી હતી અને શહેરના રસ્તા, લાઈટ, પાણી, ગટર હરણાવ નદી કિનારે રીવર ફ્રન્ટ, ગુજેરીહાટ, ફુડઝોન વગેરે મળી રૂ. ૨૫ કરોડના વિકાસના કામોનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાનું સંચાલન પાલિકાના ઓ.એસ. શામળભાઈ પરમાર તથા અન્ય કર્મચારીઓએ કર્યું હતું.


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

**મોર્ડન મોટર્સ**

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE — બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ — ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન


# હિંમતનગર ફાઈનાન્સરની હત્યા પ્રકરણમાં વધુ ૪ આરોપીની પોલીસે ધરપકડ કરી

## હત્યાના મુખ્ય આરોપી સાજીદ ભટ્ટે અન્ય ૪ની મદદથી મૃતદેહને દાટી દીધો હતો : સાજીદ ભટ્ટના રીમાન્ડ પુરા થતાં સબજેલમાં મોકલી અપાયો

હિંમતનગર, તા. ૩૧

હિંમતનગરના ચકચારી ફાઈનાન્સર ધર્મેન્દ્ર પટેલ હત્યા પ્રકરણમાં પોલીસે અન્ય ૪ આરોપીની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે. જ્યારે હત્યાના મુખ્ય આરોપી સાજીદ ભટ્ટના રીમાન્ડ પુરા થતાં પોલીસે કોર્ટમાં રજુ કરતાં કોર્ટે તેને સબજેલમાં મોકલી આપવાનો હુકમ કરતાં તેને સબજેલમાં મોકલી આપવામાં આવ્યો છે.

હિંમતનગર ખાતે રહેતા ફાઈનાન્સર યુવાન ધર્મેન્દ્રભાઈ પટેલની ગઢા ગામના અને વક્તાપુર પાસે ફારમેક્સ નામની ફેક્ટરી ધરાવતા સાજીદ ભટ્ટે બારાબોર બંદુકથી હત્યા કરતાં સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી હતી. સમગ્ર હત્યા પ્રકરણની તપાસ જિલ્લા પોલીસવડા ચિરાગ કોરડીયાના માર્ગદર્શન અને રાહબરી હેઠળ એલ.સી.બી. પી.આઈ. ડી.પી. ચુડાસમા અને એસ.ઓ.જી. પી.આઈ. બી.એલ. દેસાઈએ કરી ગણત્રીના દિવસોમાં હત્યાને અંજામ આપનાર મુખ્ય સુત્રધાર સાજીદ ભટ્ટને પકડી હત્યાનો ભેદ ઉકેલી કાઢ્યો હતો. પોલીસે હત્યામાં વપરાયેલ બારાબોર બંદુક સહિત લાશને વગે કરવામાં ઉપયોગમાં લેવાયેલ કાર સહિતના પુરાવા કબજે લઈ હત્યામાં મદદગારી કરનાર અન્ય ૪ આરોપી રાજેન્દ્રસિંહ પૃથ્વીસિંહ પરમાર, રે. લોલાસણ, લક્ષ્મણજી ઉર્ફે ગેદાલસિંહ અરખાજી પરમાર રે. લોલાસણ, સરફરાજશા વલીશા દિવાન રે. ગઢા અને મદનસિંહ ઉર્ફે ભુરાજી તલાજી વાઘેલા રે. ગઢાને પકડી જેલ હવાલે કર્યા છે. સાજીદે ફાઈનાન્સરની હત્યા કર્યા બાદ આ ૪ ઈસમોનો લાશને દાટવા માટે તેમજ લોહીના ડાઘાની સફાઈ કરવા માટે તેમજ ખાડો ખોદવા માટે મદદમાં લીધા હતા.



(તસવીર : મગનજી વણઝારા)

## દામાવાસના સરપંચ વિરુધ્ધ અવિશ્વાસની દરખાસ્ત

# સરપંચના મનસ્વી વહીવટ સામે પમાંથી ૪ સભ્યોનો વિરોધ

ખેડબ્રહ્મા, તા.૩૧

ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસ પંચાયતના સરપંચ વિરુધ્ધ પાંચ પૈકી ચાર સભ્યોએ તલાટી સમક્ષ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી. પંચાયતના સાત સભ્યોની બેઠકો પૈકી બે બેઠકો ખાલી છે.

આ અંગેની વિગત એવી છે કે દામાવાસ ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ પનાભાઈ ધીરાભાઈ દરંગા વિરુધ્ધ પંચાયતના ૫ પૈકી ૪ સભ્યો દ્વારા અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી છે જે અંગે પંચાયતના સભ્યો નવલીબેન ઠાકોરભાઈ વણઝારા-જથાભાઈ ફતાભાઈ ખોરીયા-વાઘજીભાઈ ભારથાભાઈ ડાભી અને મણીબેન શંકરભાઈ નાયક સહીતના ચાર સભ્યોએ સરપંચ દ્વારા મનસ્વી વહીવટ કરવામાં આવતો હોવાનો આક્ષેપ કરી અવિશ્વાસની દરખાસ્ત રજુ કરવામાં આવી છે. સરપંચ વિરુધ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરવાના કારણોમાં સરપંચની ચુંટણીમાં જાહેરનામા પછી પોતે પંચાયતના સદસ્ય હોવા છતાં સરપંચના ઉમેદવાર બનવા સદસ્યો અને ગ્રામજનોને અંધારામાં રાખી સરપંચ તરીકે બીનહરીફ થઈ જાતે વહીવટ કરે છે. આ સરપંચ ગુજરાત અને રાજસ્થાનના બે રેશનકાર્ડ ધરાવે છે. તેઓ રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના ખેરવાડા તાલુકાના ગતરાળી ગામમાં પણ પરિવાર રેશનકાર્ડ ધરાવે છે. જેથી ભારત સરકારના બંધારણનો ભંગ થાય છે વળી પંચાયતના સદસ્યોને વિશ્વાસમાં લીધા સિવાય મનસ્વી વહીવટ ચલાવે છે.

દામવાસ પંચાયતમાં આ અગાઉ ઉપસરપંચ વિરુધ્ધ પણ અવિશ્વાસની દરખાસ્ત આવી હતી પણ આ દરખાસ્ત અંગે સામાન્ય સભામાં ચર્ચા થાય તે અગાઉ ઉપસરપંચને રાજીનામું આપવાની ફરજ પડી હતી. આ પંચાયતના એક સભ્ય રબારી રામાભાઈ મહાદેવભાઈનું અવસાન થવાથી તથા દરંગા પનાભાઈ સરપંચ તરીકે બીનહરીફ ચુંટાતા એક જગ્યા ખાલી પડી હતી.

આ અંગે દામાવાસ પંચાયતના તલાટી એસ.જે. પટેલે જણાવ્યું હતું કે અવિશ્વાસની દરખાસ્ત અંગે ટી.ડી.ઓના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

# દાંતીવાડા શાળા સંકુલમાં બનાવેલ તાલીમ હોલના કામોમાં ગેરરીતિ થયાની લોક ફરિયાદ

દાંતીવાડા, તા. ૩૧

દાંતીવાડા ખાતે આવેલ દાંતીવાડા શાળાના સંકુલમાં બનાવવામાં આવેલ નવીન તાલીમ હોલમાં કોન્ટ્રાક્ટર દ્વારા ઓછી ગુણવત્તાવાળુ કામ કરવામાં આવ્યું છે અને ભંગારમાંથી ખરીદેલી જૂની જાળીઓ નાંખવામાં આવી છે તેવી લોક ફરિયાદ ઉઠવા પામી છે.

દાંતીવાડા ગામે સ્થિત દાંતીવાડા શાળાના સંકુલમાં બી.આર.સી. કેન્દ્ર દ્વારા તાજેતરમાં એક નવીન તાલીમ હોલનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે હોલના મુખ્ય પ્રવેશ દ્વાર પર લોખંડનો ગેટ બનાવવામાં આવ્યો હતો જે ભંગારમાંથી ખરીદીને કોન્ટ્રાક્ટર દ્વારા લગાવવામાં આવ્યો હતો. આ મુદ્દે ગ્રામજનોને જાણ થતા તેઓ બી.આર.સી. અશોકભાઈને નવો ગેટ લગાવા માંગણી કરી હતી. આથી બી.આર.સી. અશોકભાઈ ઉશ્કેરાઈને સભ્યતા વગરનું વર્તન કર્યુ હતુ. જેની સામે નાગરિકો પણ ઉશ્કેરાયા હતા અને તાલીમ હોલના સંપૂર્ણ કામમાં તંત્ર ચકાસણી કરાવે અને નવો ગેટ નખાવે તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે.




(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)


A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD — Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601


# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૫૦ |
| એરંડા | ૬૫૧ | ૬૫૯ |
| ઘઉં | ૩૦૮ | ૩૩૨ |
| બાજરી | ૨૨૫ | ૩૦૩ |
| ગવાર | ૭૮૦ | ૯૫૧ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૨૦ | ૮૨૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૫ |
| બાજરી | ૨૦૦ | ૨૬૫ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૧૫ |
| ડાંગર ગુજ | ૩૨૫ | ૩૫૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૩૦ | ૬૪૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૧૦ | ૨૭૦ |
| ડાંગર ગુજ | ૩૨૫ | ૩૫૦ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૧૬ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૫૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૫ |
| બાજરી | ૨૨૫ | ૨૫૩ |
| ગવાર | ૮૦૦ | ૯૫૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૭ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૪૦ |
| મકાઈ | ૨૭૯ | ૨૮૧ |
| એરંડા | ૬૩૧ | ૬૪૦ |
| મગફળી | ૭૦૦ | ૮૨૫ |

### મોડાસા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૦૦ | ૫૨૦ |
| એરંડા | ૬૪૦ | ૬૫૯ |
| બાજરી | ૨૪૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૬૫ | ૩૩૪ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૦ |
| મગફળી | ૫૨૨ | ૭૩૭ |
| ગવાર | ૭૭૫ | ૯૫૮ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૧૫ |
| મગફળી | ૭૦૦ | ૭૫૭ |
| ગવાર | ૮૫૦ | ૯૦૦ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૫૦ | ૨૮૧ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૦ |
| ડાંગર | ૨૬૯ | ૨૮૫ |
| એરંડા | ૬૪૧ | ૬૫૦ |
| ગવાર | ૮૫૦ | ૮૭૭ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૦ | ૬૦૦ |
| જુવાર | ૩૨૫ | ૩૮૦ |
| રાયડો | ૫૨૫ | ૮૫૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૧૫ |
| ડાંગર | ૨૬૦ | ૨૮૦ |
| એરંડા | ૬૪૦ | ૬૪૫ |
| ગવાર | ૮૩૦ | ૮૭૫ |
| મકાઈ | ૨૨૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૫ | ૫૭૫ |
| જુવાર | ૩૨૦ | ૩૭૦ |
| રાયડો | ૫૨૦ | ૫૭૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૮૦૦ |
| એરંડા | ૬૪૮ | ૬૫૯ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૫ |
| બાજરી | ૨૩૦ | ૨૭૨ |
| મકાઈ | ૨૮૦ | ૨૯૦ |
| ગવાર | ૭૫૦ | ૯૦૫ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૩૬ |
| મકાઈ | ૨૭૦ | ૨૮૫ |
| એરંડા | ૬૪૦ | ૬૬૫ |
| બાજરી | ૨૪૫ | ૨૫૫ |
| મગફળી | ૬૯૭ | ૮૩૪ |
| તલ | ૧૪૫૦ | ૧૭૦૦ |
| ગવાર | ૮૫૦ | ૮૭૧ |
| તુવેર | ૫૦૦ | ૫૨૫ |

### કડી

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૬ |
| ડાંગર | ૩૩૦ | ૩૪૫ |
| બાજરી | ૨૪૧ | ૨૯૦ |
| ગવાર | ૭૯૦ | ૯૯૯ |
| એરંડા | ૬૫૨ | ૬૫૭ |
| રાયડો | ૫૬૪ | - |
| જીરૂ | ૨૦૦૦ | ૨૪૮૫ |
| અસાળીયો | ૬૦૦ | ૬૮૦ |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૩ | ૩૨૮ |
| બાજરી | ૧૮૦ | ૨૭૩ |
| એરંડા | ૬૫૧ | ૬૬૧ |
| મગફળી | ૫૦૦ | ૮૬૦ |
| ગવાર | ૫૮૦ | ૧૦૧૧ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૦ | ૫૮૯ |
| એરંડા | ૬૦૦ | ૬૬૦ |
| ગવાર | ૭૨૫ | ૯૯૧ |
| ઘઉં | ૨૯૯ | ૩૫૧ |
| બાજરી | ૧૬૮ | ૨૭૮ |
| જુવાર | ૪૫૦ | ૫૬૪ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૪૧ |
| બાજરી | ૧૮૦ | ૩૧૬ |
| રાયડો | ૫૬૦ | ૬૦૧ |
| એરંડા | ૬૫૦ | ૬૭૩ |
| જુવાર | ૨૮૫ | ૫૧૧ |
| ગવાર | ૫૦૦ | ૯૨૧ |
| રજકાના બી | ૧૩૦૦ | ૨૬૦૧ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૭ | ૩૪૪ |
| જીરૂ | ૨૩૩૦ | ૨૪૬૦ |
| રાયડો | ૫૪૭ | ૫૮૪ |
| બાજરી | ૨૨૫ | ૩૦૫ |
| એરંડા | ૬૩૦ | ૬૬૦ |
| ગવાર | ૬૯૦ | ૯૪૫ |
| રજકાબી | ૧૦૦૦ | ૨૬૩૫ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૩ | ૩૨૯ |
| બાજરી | ૧૮૫ | ૨૭૪ |
| એરંડા | ૬૩૯ | ૬૪૫ |

### જોટાણા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૪૪ | ૬૬૦ |
| રાયડો | ૫૮૬ | - |
| બાજરી | ૧૮૬ | - |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૫૬૦ | ૫૭૫ |
| એરંડા | ૬૫૦ | ૬૬૦ |
| સાસટો | ૨૮૧ | ૩૨૨ |
| બાજરી | ૨૦૮ | ૨૪૭ |
| ઘઉં | ૨૯૦ | ૩૨૫ |
| ગવાર | ૬૫૦ | ૯૨૦ |
| અડદ | ૪૦૦ | ૫૨૦ |
| ચણા | ૪૮૦ | ૫૭૦ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૪૮૦ |
| સવા | ૬૦૦ | ૬૫૫ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૨૭ |
| એરંડા | ૬૪૫ | ૬૬૫ |
| બાજરી | ૨૪૫ | ૨૬૫ |
| રાયડો | ૫૫૫ | ૫૬૦ |
| ડાંગર | ૨૮૦ | ૩૫૦ |
| ગવાર | ૮૫૦ | ૯૪૫ |
| જુવાર | ૨૯૦ | ૩૫૧ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૩૦ | ૬૫૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ગવાર | ૯૦૦ | ૧૨૦૦ |

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૫૦ | ૨૩૫૧ |
| રાયડો | ૫૪૦ | ૬૦૪ |
| એરંડા | ૬૨૫ | ૬૬૦ |
| ઘઉં | ૨૯૫ | ૩૬૬ |
| બાજરી | ૨૧૮ | ૨૬૯ |
| ગવાર | ૬૫૦ | ૯૪૬ |
| સવા | ૬૭૦ | ૭૧૬ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૪૦ | ૨૫૫૧ |
| વરીયાળી | ૯૯૫ | ૧૯૫૦ |
| ઈસબગુલ | ૧૦૮૦ | ૧૨૭૧ |
| સરસવ | ૬૦૯ | ૬૬૦ |
| મેથી | ૫૨૧ | - |
| તલ | ૧૭૪૫ | ૨૧૦૦ |

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૩૦ | ૨૦૦ |
| બટાટા ડીસા | ૧૭૦ | ૨૫૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૩૮૦ | ૪૫૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૪૬૦ | ૫૩૦ |
| રીંગણ | ૩૦૦ | ૬૦૦ |
| રવૈયા | ૫૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૩૬૦ |
| ફુલાવર | ૧૬૦ | ૪૦૦ |
| ટામેટા પાકા | ૨૮૦ | ૫૦૦ |
| દૂધી | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| ગીલોડા | ૪૦૦ | ૧૦૦૦ |
| મરચાં દેશી | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| બીટ | ૩૦૦ | ૪૪૦ |
| ગાજર | ૧૬૦ | ૨૪૦ |